# રક્ષિત ખેતી (ગ્રીન હાઉસ) યોજના

ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪-૧૫ થી નાના ખેડૂત ને દરરોજ આવક મળે તે હેતુ થી જીજીઆરસી દ્વારા કરવામાં આવતી સૂક્ષ્મ સિંચાઈ યોજનાની અમલીકરણ પ્રણાલી મુજબ રક્ષિત ખેતી યોજના પાયલોટ પ્રોજેક્ટનું અમલીકરણ કરવાનું શરૂ કરેલ છે જેમાં ખેડુતને પ્રોજેક્ટ ખર્ચની ૫૦% સુધીની સહાય ઉપલબ્ધ છે. કોઇ પણ ખેડુત વ્યક્તિગત અથવા જુથ રચીને ૨૫૦ થી ૨૦૦૦ ચો.મીના એક અથવા એકથી વધુ માળખા માટે સહાય મેળવી શકે છે.

## ૧. રક્ષિત ખેતી અને તેના ફાયદા:

વાતાવરણના ઘટકોમાં આંશિક રીતે પરિવર્તન કરી પાકને અનુરૂપવાતાવરણ ઊભું કરવા માટે તૈયાર કરવામાં આવતા માળખાને રક્ષિત ખેતી કહેવામાં આવે છે. ઉચ્ચ બજાર મૂલ્ય ધરાવતા પાકોનું (જેમ કે કલર કેપ્સિકમ, ચેરી ટામેટાં, તીખા મરચાં, કાકડી, જર્બેરા, કાર્નેશન, ગુલાબ વી.) ઉત્પાદન કરવામાં આવે છે.

વિપરીત વાતાવરણની પરિસ્થિતિમાં ખેતી કરીને, ખુલ્લા વાતાવરણની સરખામણી માં બમણું ઉત્પાદન. પાણી, ખાતર અને વીજળીની બચત સાથે ખેતી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો તથા પાકની સારી ગુણવત્તાની સાથે વધુ વળતર.

## ૨. યોજનાની ખાસ વિશેષતાઓ:

વ્યક્તિગત અથવા જુથ રચીને સહાય મેળવી શકાય જેમાં એક વર્ષ સુધી પાકનું ઉત્પાદન કઈ રીતે લેવું તેનું વૈજ્ઞાનિક ઢબે માર્ગદર્શન અને સાથે સાથે ખેત પેદાશોનું માર્કેટ કેવી રીતે કરવું તેની સગવડ.

## ૩. યોજનામાં સમાવિષ્ઠ રક્ષિત ખેતીના માળખાઓ:













ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ

રજી. ઓફિસ: પો. ઓ. ફર્ટીલાઇઝરનગર-૩૯૧ ૭૫૦, જિલ્લો: વડોદરા, ગુજરાત, ભારત
ફોન નં.: +૯૧ ૨૬૫ ૨૨૪૩૦૧૮, ફેક્સ: +૯૧ ૨૬૫ ૨૨૪૧૬૮૫, ઇમેઈલ: info@ggrc.co.in
CIN No.: U63020GJ1998PLC035039, www.ggrc.co.in

# અરજી કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા

- ગ્રીન હાઉસ અપનાવવા માટેનું જીજીઆરસી દ્વારા નિયત થયેલ અરજી ફોર્મ(ફોર્મ નં. ૧)માં જ અરજી કરવાની રહેશે. રજીસ્ટ્રેશન નંબર નોંધી રાખવો.
- કોઈપણ કોરા ફોર્મ પર અગાઉથી સહી કરવી નહી. ફોર્મ સંપૂર્ણ ભર્યાબાદ જ વિગતોને તપાસી સમજીને સહી કરવી.
- ફોર્મમાં કરેલ સહીનો નમૂનો સાચવી રાખવો જેથી ફરી સહી કરતી વખતે અલગ સહી ન થાય જેથી સહીની વિસંગતતાના કારણે અરજી રદ્ ન થાય અને કાર્ય ઝડપથી થાય.
- ગ્રીન હાઉસ સપ્લાયર, માળખાનો પ્રકાર, ડીઝાઇન અને પાકની પસંદગી ખુબ સમજી વિચારીને કોઈપણ જાતના લોભલાલચમાં આવ્યા વિના કરવી, જેથી વારંવાર ફેરફારની જરૂરિયાત ન રહે. સપ્લાયર તરફથી નિમવામાં આવેલ ડિલરની વિશ્વસનિયતા વિશે ખાત્રી કરી લેવી.
- ૭-૧૨ અને ૮અ ના ઉતારામાં જે નામ હોય તે જ નામ અરજી ફોર્મમાં લખવું તથા યોજનામાં નિર્દીષ્ટ વિસ્તારની મર્યાદામાં જ ગ્રીન હાઉસ માટે અરજી કરવી અને સર્વે વખતે એટલાજ વિસ્તારનો સર્વે કરાવવો.
- સરકારશ્રીની સહાય સિવાયની ખેડૂતે ભરવાની રકમ, ખેડૂતે જાતેજ જીજીઆરસીના બેંક એકાઉન્ટ નંબરની ખાત્રી કર્યા પછીજ ખાતામાં જમા કરાવવી.
- ગ્રીન હાઉસ વસાવવા અંગેના દસ્તાવેજોની નકલ સપ્લાયર પાસેથી અચૂક મેળવી લેવી.
- ગ્રીન હાઉસના કમીશ્નીંગ/ટ્રાયલ રન વખતે ખેડૂતે પોતે હાજર રહી ગ્રીન હાઉસનું માળખુ ડીઝાઇન મુજબ બનેલ છે કે નહીં તેમજ બરાબર કાર્ય કરે છે કે નહી તેની ખાત્રી કરાવી લેવી.
- કોઈપણ જાતની અફવાથી ગેરમાર્ગે ન દોરાતાં વધુ માહિતી માટે જીજીઆરસીના ટોલ ફ્રી નં. **૧૮૦૦-૨૩૩-૨૬૫૨** પર સંપર્ક કરવો.


GGRC ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ હરિત ક્રાંતિ

રજી. ઓફિસઃ પો. ઓ. ફર્ટીલાઇઝરનગર-૩૯૧ ૭૫૦, જિલ્લોઃ વડોદરા, ગુજરાત, ભારત

ફોન નં.: +૯૧ ૨૬૫ ૨૨૪૩૦૬૯, ફેક્સઃ +૯૧ ૨૬૫ ૨૨૪૧૬૮૫, ઈમેઈલઃ info@ggrc.co.in

CIN No.: U63020GJ1998PLC035039, www.ggrc.co.in